પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૦૨ | ૧ ઓક્ટોબર, ૨૦૧૭, રવિવાર ; આસો સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### પંજાબમાં બબ્બર ખાલસાના સાત આતંકવાદીઓ ઝડપાયા

પંજાબમાં મોટા હુમલાની સાજીશને નાકામ બનાવાઈ છે. પોલીસે આતંકવાદી સંગઠન બબ્બર ખાલસાના સાત આતંકવાદીઓને ઝડપી લઈ મોટી માત્રામાં શસ્ત્રો જપ્ત કર્યા છે.

### બુલેટ ટ્રેનની એક ઈંટ નહી મુકવા દઈએ : રાજઠાકરે

મુંબઈના એલફિસ્ટન સ્ટેશન પર થયેલી દુર્ઘટના મામલે મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરેએ કેન્દ્ર અને રાજય સરકાર પર હુમલો કરતા કહ્યું છે કે રેલવે દ્વારા સુવિધાઓ વધારવામાં આવતી નથી. તેમણે બુલેટ ટ્રેનનો વિરોધ કરી તેની એક પણ ઈંટ મુકવા નહીં દેવાય તેવી ધમકી આપી છે.

### અભિનેતા ટોમ ઓલ્ટરનું નિધન

અનેક જાણીતી ફિલ્મો અને સીરીયલોમાં અભિનય કરનાર પદ્મશ્રી સન્માનિત અભિનેતા ટોમ ઓલ્ટરનું નિધન થયું છે. તેઓ ૬૭ વર્ષના હતા તેઓ કેન્સર સામે ઝઝુમી રહ્યા હતા.

### મેરાડોનાની કોલકત્તા યાત્રા મોકુફ

આર્જેન્ટીનાના મહાન ફુટબોલર ડીઆગો મેરાડોનાની કોલકત્તા યાત્રા ત્રીજીવાર મોકુફ રહી છે. હવે તેઓ ફીફા અન્ડર-૧૭ વિશ્વ કપ દરમિયાન અહીં આવશે.

# રૂપાલની પલ્લીમાં શ્રદ્ધાનું ઘોડાપુર

**રૂપાલના પલ્લીરથ પર ૨૧ કરોડના ઘીનો અભિષેક : ૧૨ લાખ ભાવિકોએ દર્શનનો લાભ લીધો : પલ્લીમેળામાં ભાવિકોનુ ઘોડાપુર : ગામના વિવિધ ૨૭ ચકલામાંથી પલ્લીરથ પસાર થયો : એકલાખ ભાવિકોએ ખીચડીના પ્રસાદનો લાભ લીધો**



ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર નજીક સ્થિત રૂપાલ ગામમાં નોમના દિવસ ભવ્ય પલ્લી મેળાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. પલ્લીમેળામાં ૧૨ લાખ જેટલા ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો. જયારે વરદાયિની માતાના પલ્લીરથ પર ૪.૫૦ લાખ ઘી નો અભિષેક કર્યો હતો. પલ્લીરથનુ પ્રસ્થાન રાત્રિના ૩ કલાકે થયુ હતુ. ગામના મોટામાઢમાંથી પ્રસ્થાન થયેલા પલ્લી રથ પર ભાવિકોએ ઘી નો અભિષેક કર્યો હતો. વિવિધ ૨૭ ચકલામાં ભાવિકોને દર્શન આપી રથ સવારે ૬ : ૩૦ કલાકે નિજમંદિર પરત થયો હતો. ભાવિકોએ રૂ ૨૧ કરોડના ઘી નો અભિષેક પલ્લી રથ પર કર્યો હતો.

શ્રધ્ધાળુઓની આસ્થાનુ કેન્દ્ર સ્થાન ગણાંતા રૂપાલના પલ્લીમેળામાં ભાવિકોનુ ઘોડાપુર ઉમટયુ હતુ. રૂપાલના પલ્લીમેળામાં ૧૨ લાખ જેટલા ભાવિકોએ માતાજીના પલ્લી રથના દર્શનનો લાભ લીધો હતો. ગાંધીનગર નજીક સ્થિત રૂપાલ ગામમાં પાંડવોના કાળથી યોજાતા પલ્લી મેળો હાલ દેશ દુનિયાના ભાવિકોમાં આસ્થાના કેન્દ્ર સ્થાને છે. દરવર્ષે નોમની રાતે યોજાતા પલ્લીમેળામાં લાખો ભાવિકો દર્શનનો લાભ લે છે. આ વર્ષે પણ પલ્લીરથ પર લાખો કિલો ઘીનો અભિષેક કરી ભાવિકોએ ધન્યતા અનુભવી હતી. રાત્રિના ત્રણ કલાકે ગામના મોટામાઢમાંથી પલ્લીરથનુ પ્રસ્થાન કરવામાં આવ્યુ હતુ. માતાજીનો પલ્લીરથ ગામના વિવિધ ૨૭ ચકલામાંથી પસાર થતા ભાવિકોએ ઘી નો અભિષેક કરી દર્શનનો લાભ લીધો હતો. માતાજીના પલ્લીરથ પર ૪.૫૦ લાખ કીલો ઘી નો અભિષેક કરવામાં આવ્યો હતો. એક અંદાજ મુજબ આ ઘી ની કિંમત રૂ ૨૧ કરોડ થાય છે. ગામના વિવિધ વાસમાં ભાવિકો માટે ચા પાણી તેમજ નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. રૂપાલના પલ્લી મેળામાં

● અનુસંધાન પાન-૭ પર



# કેરળ-બંગાળમાં જેહાદી તત્વો સક્રિય : મોહન ભાગવત

**નાગપુર દશેરા રેલીમાં કલમ ૩૭૦, કાશ્મીર, રોહિગ્યાનો ઉલ્લેખ : ભ્રષ્ટાચાર ઉપર અંકુશ મુકવા, આર્થિક પ્રગતિ માટે અનેક સાહસી પગલાઓ લેવા બદલ મોદી સરકારની પ્રશંસા : ખેડુતોને યોગ્ય ભાવ મળે તે જરૂરી છે**

નાગપુર, તા. ૩૦

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે નાગપુરમાં દશેરા રેલીને સંબોધતા આજે તમામ મુદ્દાઓ પર વાત કરી હતી. મોહન ભાગવતે કલમ ૩૭૦, કાશ્મીર અને રોહિગ્યા શરણાર્થીઓના મુદ્દાનો ઉલ્લેખ કર્યો હતો. ભાગવતે કાશ્મીર ઉપરાંત સમાન નાગરિક ધારા, ડોકલામમાં ભારતની રણનીતિ અને કુશળતાની વાત પણ કરી હતી. સંઘ પ્રમુખે પોતાના ભાષણમાં મોદી સરકારની કામગીરીની પ્રશંસા પણ કરી હતી. ભ્રષ્ટાચારને રોકવા માટે સરકાર દ્વારા લેવામાં આવી રહેલા પગલાની પ્રશંસા કરી હતી. ભાગવતે કહ્યું હતું કે, તમામ સ્થળ ઉપર કામ થઈ રહ્યું છે. જમ્મુ-કાશ્મીરમાં કટ્ટરપંથીઓ અને ત્રાસવાદીઓ સામે જે રીતે પગલા લેવાયા છે તે પ્રશંસા પાત્ર છે. સેનાને તથા પોલીસને પૂર્ણ જવાબદારી સોંપાઈ છે જેનાથી ફાયદો થયો છે. કેરળ અને બંગાળમાં જેહાદી તત્વો સક્રિય

● અનુસંધાન પાન-૭ પર

# બિહાર સહિત પાંચ રાજ્યોમાં નવા રાજ્યપાલો નિમાયા

**આસામના રાજ્યપાલ તરીકે જગદીશ મુખીની વરણી થઇ**

નવી દિલ્હી, તા.૩૦

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સત્તા પર આવ્યા બાદ હવે પાંચ રાજ્યોમાં નવા રાજ્યપાલની નિમણૂક કરી છે. નવી નિમણૂકોની જાહેરાત કરવામાં આવતા આને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. આજે કોવિન્દે દેશના પાંચ રાજ્યોના રાજ્યપાલની નિમણૂકની જાહેરાત કરી હતી. રાષ્ટ્રપતિ ભવન દ્વારા જારી કરવામાં આવેલી માહિતીમાં જણાવવામાં આવ્યુ છે કે રાષ્ટ્રપતિએ તમિલનાડુ સહિત રાજ્યો તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશ અંદમાન અને નિકોબારના રાજ્યપાલની નિમણૂકની જાહેરાત કરી છે. સત્યપાલ મલિકને બિહારના રાજ્યપાલ તરીકેની જવાબદારી સોંપી દેવામાં આવી છે. પ્રોફેસર જગદીશ મુખીની આસામના રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવી છે. દેવેન્દ્ર કુમાર જોષી કેન્દ્ર શાસિત પ્રદેશ અંદમાન નિકોબારના લેફ્ટિનન્ટ રાજ્યપાલ બનશે. ગંગા પ્રસાદને મેઘાલયના રાજ્યપાલ બનાવવામાં આવ્યા

● અનુસંધાન પાન-૭ પર

# હવે વેપારીઓને ત્રિમાસિક રિટર્ન ફાઈલિંગની સુવિધા

નવી દિલ્હી,તા. ૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)ના રિટર્ન ફાઈલિંગમાં વેપારીઓના એક મોટા વર્ગને રાહત આપવાની તૈયારીમાં છે. આ વેપારીઓને દર મહિનામાં રિટર્ન ફાઈલ કરવાના બદલે ત્રણ મહિનામાં રિટર્ન ફાઈલ કરવાની મહેતલ આપવાના મુદ્દે સક્રિય રીતે વિચારણા કરવામાં આવી રહી છે. વિશ્વસનીય સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે આ મુદ્દા પર નાણાં મંત્રાલય દ્વારા વિચારણા કરવામાં આવી રહી છે. આને અમલી કરવામાં થોડોક સમય લાગી શકે છે. કારણ કે પહેલા આ પ્રસ્તાવને લો કમિટી પાસે મોકલવામાં આવનાર છે. લોક કમિટી પાસેથી મંજુરી મળી ગયા બાદ આને જીએસટી કાઉન્સિલમાં મોકલી દેવામાં આવશે. જીએસટી કાઉન્સિલમાં નાણાં પ્રધાન અરૂણ જેટલી અને રાજ્યોના નાણાંપ્રધાનો રહેલા છે. આ ઉપરાંત સરકાર ૨૦ લાખ રૂપિયા સુધીના ટર્ન ઓવર ધરાવતા કારોબારી માટે સરળ જેવા ખુબ સરળ રિટર્ન ફાઈલિંગ સિસ્ટમના આઈડિયા પર વિચારણા કરી રહી છે. દર મહિને રિટર્ન ફાઈલ કરવાને લઈને વેપારીઓની કેટલીક ફરિયાદો રહી છે.

● અનુસંધાન પાન-૭ પર










અનલિમિટેડ ફક્ત રૂ. ૯૯/-

અસલ કાઠિયાવાડી ભોજન હવે ગાંધીનગરમાં ઉપલબ્ધ

ગિરનાર કાઠિયાવાડી રેસ્ટોરન્ટ

શુદ્ધ, સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ભોજનનો રસથાળ અને તે પણ સૌને પોસાય તેવી કિંમતે

લિમિટેડ ફક્ત રૂ. ૭૦/-

અશ્વમેઘ-૨, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર. મો. ૯૯૭૯૦ ૭૯૫૦૧